सत्यमेव जयते

---

પોરબંદરના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ.પોરબંદર

---

**:: નમુના–અ ::**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૨૦/૧૧/૨૦૨૩ |
| ક્રિ. કે. નંબર | ૬૧૯૮/૨૦૨૨ |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | પ્રોહી. એકટ કલમ–૬૬(૧) બી, ૬૫ એએ, ૧૧૬ બી |
| પ્ર.માહિતી અહેવાલ નંબર | પાર્ટ સી ૧૧૨૧૮૦૦૯૨૨૦૩૧૯/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | કમલાબાગ પો.સ્ટે. |
| ફરીયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એમ.બી.જાડેજા |
| આરોપી પક્ષ | જાગીર ઉર્ફે લાલો શૈલેષભાઈ લાખાણી, ઉ.વ.૨૮,<br>રહે. છાયા પ્લોટ મરચાની ઘંટી સામે આવેલ ગીરીશભાઈ પટેલના મકાનમાં ભાડેથી,<br>પોરબંદર |
| રજુઆત | આરોપી તરફે વિ.વ. શ્રી એસ.એચ.પરમાર |

**:: નમૂના–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૨ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૧૮/૦૭/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૨૩/૧૨/૨૦૨૨ |
| તહોમતનામા ની તારીખ | ૧૦/૦૮/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૩/૧૦/૨૦૨૩ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૨૦/૧૧/૨૦૨૩ |
| ચૂકાદાની તારીખ | ૨૦/૧૧/૨૦૨૩ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમગ ગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | જાગીર ઉર્ફે લાલો શૈલેષભાઈ લાખાણી | ૧૮/૦૭/૨૦૨૨ | ૧૯/૦૭/૨૦૨૨ | પ્રોહી. એકટ કલમ–૬૬ (૧) બી, ૬૫ એએ, ૧૧૬ બી | નિર્દોષ છોડયા | – | – |

**:: નમુનો–ક ::**

**ફરીયાદી/આરોપી/ન્યાયાલયના સાક્ષીની યાદી**

અ. ફરીયાદ પક્ષ

| અનુ.ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | ભીમશીભાઈ પરબતભાઈ માળીયા | ફરીયાદી |
| ફ.સ.૨ | રમેશભાઈ કેશુભાઈ સોઢાતર | પંચસાહેદ |
| ફ.સ.૩ | કીશોરભાઈ વિનુભાઈ રાયમગીયા | પંચસાહેદ |

બ. આરોપી પક્ષ

| અનુ.ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

ક. ન્યાયાલય

| અનુ.ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

**ફરીયાદી/આરોપી/ન્યાયાલયના આંકની યાદી**

અ. ફરિયાદ આંકની યાદી

| અનુ.ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક–૧૦ | ફરીયાદ |
| ૨. | આંક–૧૧ | ડેપ્યુટ હુકમ |
| ૩. | આંક–૧૨ | રવાનગી નોંધ |
| ૪. | આંક–૧૩ | એફ.એસ.એલ. રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૫. | આંક–૧૪ | પંચનામું |

બ. આરોપી આંકની યાદી

| અનુ.ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

ક. ન્યાયાલય આંકની યાદી

| અનુ.ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

ડ. ભૌતિક પદાર્થ :

| અનુ.ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧ | હોન્ડા ગ્રેઝયા મોપેડ મો.સા. રજી. નં.જીજે–૨૫–એસ–૫૨૦૨ |

–:: ઠ રા વ ::–

(૧) આ કામનાં આરોપી સામે કમલાબાગ પોલીસે પ્રોહી કલમ ૬૬(૧)બી, ૬૫ એએ, ૧૧૬ બી મુજબના ગુન્હાનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–

આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી ગઈ તા.૧૮/૦૭/૨૨ ના રોજ કલાક ૧૪/૩૦ વાગ્યે પોરબંદર છાયા ચોકી રસ્તા પાસે આવેલ મઢુલી પાન પાસે જાહેરમાંથી આરોપીના કબ્જામાં ગે.કા. વગર પાસ પરમીટે ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂ ઈમ્પીરલ બ્લુ સુપીરીયર ગ્રેઈન વ્હીસ્કી ૨ લીટરની બોટલ નંગ–૦૪ કી.રૂા.૩૬૮૦/– તથા એઈટ પી.એમ. સ્પેશ્યલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. ની બોટલ નંગ–૧૦૦ ની કી.રૂા.૧૦૦૦૦/– કુલ નાની મોટી બોટલ નંગ–૧૦૪ કી.રૂા.૧૩૬૮૦/– નો રાખી જાહેરમાંથી પકડાઈ જઈ ગુનો કરતા, આ કામના ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ પ્રમાણે ફરિયાદ પક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. આ કામે આંક–૦૫ થી આરોપી સામે તહોમતનામું ઘડવામાં આવેલ છે તેમજ આંક– ૦૬ થી પ્લી લેવામાં આવતાં આરોપીએ તેની સામેનાં ગુન્હાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

– : મૌખીક અને દસ્તાવેજી પુરાવો :–

| | |
|---|---|
| આંક–૦૯ | ફરીયાદી ભીમશીભાઈ પરબતભાઈ માળીયાની જુબાની |
| આંક–૧૦ | ફરીયાદ |
| આંક–૧૧ | ડેપ્યુટ હુકમ |
| આંક–૧૨ | રવાનગી નોંધ |
| આંક–૧૩ | એફ.એસ.એલ. રીપોર્ટ |
| આંક–૧૪ | પંચસાહેદ રમેશભાઈ કેશુભાઈ સોઢાતરની જુબાની |
| આંક–૧૫ | પંચનામુ |
| આંક–૧૬ | પંચસાહેદ કીશોરભાઈ વિનુભાઈ રાયમગીયાની જુબાની |

(૫) આ કામે ફરીયાદી દ્રારા ઉપરોકત પુરાવો રજુ થયા બાદ એ.પી.પી.શ્રી.એ મૌખિક વિનંતી થી પુરાવો પુરો થયાનું જણાવેલ ત્યારબાદ સદર કામે આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપી પક્ષે તેમનાં વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવો લક્ષમાં લેતા આ કેસનાં નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપી ગઈ તા.૧૮/૦૭/૨૨ ના રોજ કલાક ૧૪/૩૦ વાગ્યે પોરબંદર છાયા ચોકી રસ્તા પાસે આવેલ મઢુલી પાન પાસે જાહેરમાંથી આરોપીના કબ્જામાં ગે.કા. વગર પાસ પરમીટે ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂ ઈમ્પીરલ બ્લુ સુપીરીયર ગ્રેઈન વ્હીસ્કી ૨ લીટરની બોટલ નંગ–૦૪ કી.રૂા.૩૬૮૦/– તથા એઈટ પી.એમ. સ્પેશ્યલ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. ની બોટલ નંગ–૧૦૦ ની કી.રૂા.૧૦૦૦૦/– કુલ નાની મોટી બોટલ નંગ–૧૦૪ કી.રૂા.૧૩૬૮૦/– નો રાખી જાહેરમાંથી પકડાઈ જઈ આરોપીએ પ્રોહી કલમ–૬૬(૧)બી, ૬૫ એએ, ૧૧૬ બી મુજબ નો સજાને પાત્ર ગુનો કરેલો છે. ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓનાં મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

<u>કારણો અને મુદાની ચર્ચા</u>

(૮) ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, આ કામે આંક–૦૯ થી ફરીયાદી ભીમશીભાઈ પરબતભાઈ માળીયા નાઓને સોગંદ પર તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા તેઓની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે અને ફરીયાદ રજુ રાખેલ છે.

જયારે આરોપી પક્ષ તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ પેટ્રોલીંગમાં નીકળેલા તે અંગેનો સમય ફરીયાદમાં જણાવેલ નથી. તેઓ પેટ્રોલીંગમાં નીકળેલા તે ખાનગી વાહનનો નંબર ફરીયાદમાં જણાવેલ નથી. બનાવવાળો વિસતાર જાહેર સ્થળ છે અને લોકોની અવરજવર રહેતી હોય છે. કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લેવામાં આવેલ નથી.

(૯) ફરીયાદ પક્ષે આંક–૧૪ થી પંચસાહેદ રમેશભાઈ કેશુભાઈ સોઢાતર નાઓને તથા આં ક–૧૬ થી પંચસાહેદ કીશોરભાઈ વિનુભાઈ રાયમગીયા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓ આંક–૧૫ થી રજુ થયેલ પંચનામાંના પંચસાહેદો છે. પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાનું અને સહી કર્યા સીવાય તેઓ બીજુ કાઈ જાણતા ન હોવાનું જણાવેલ છે. પંચનામાની સહી કર્યા સિવાય કાંઈ જાણતા નથી.

આ પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, તેઓને ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રી.ને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી.

સદર પંચ સાહેદોની બચાવ પક્ષ તરફે કરવામા આવેલ ઉલટ તપાસમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તૈયાર પંચનામામા સહી કર્યા સીવાય બીજુ કાઈ તેઓ જાણતા નથી.

(૧૦) આમ, આ કામે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, ફરીયાદ પક્ષે આ કામે તપાસવામાં આવેલ સાહેદો પૈકી માત્ર પંચ સાહેદો સ્વતંત્ર સાહેદ છે. આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદોએ પોતાની સોગંદ પર ની જુબાની દ્રારા તેઓની હાજરીમાં કોઈપણ પંચનામુ કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેની સામે કોઈ આરોપીને અટક કરેલ નથી કે, મુદામાલ કબજે કરેલ નથી. જેથી આ જુબાનીના આધારે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કહેવાતો મુદ્દામાલ મળી આવેલ હોવા બાબતે કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલા પુરાવાનું મૂલ્યાંકન કરતાં ફરીયાદ પક્ષે સાહેદ અને પંચસાહેદોનો પુરાવો નોંધાવેલ છે. આ કામે પોલીસે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. વળી આ કામે ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી.

(૧૨) આ કામે તપાસેલ સાહેદો કે જેઓ પોલીસ સાહેદ છે તેઓની સાહેદીથી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પણ પ્રકારનો સ્પષ્ટ, સચોટ અને નિ:શંક પુરાવો રેકર્ડ પર આવતો નથી. જેથી આ કામે રજુ ફરીયાદ કે પંચનામાની કોઈપણ હકીકતો રેકર્ડ પર પુરવાર થઈ શકેલ નથી.

(૧૩) ફરીયાદ પક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી. આમ, કહેવાતો મુદામાલ આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબજામાંથી મળી આવેલ હોય તેવો નિ:શંક પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવો જોઈએ જે આ કામે પુરવાર થયેલ નથી. જેથી મુદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આ ખ રી હુ ક મ : –**

(૧) સદર કામે આરોપી જાગીર ઉર્ફે લાલો શૈલેષભાઈ લાખાણી નાઓને તેમની સામેના ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૪૮(૧) તથા કલમ–૩૫૩ સાથે વાંચતા ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧) બી, ૬૫ એએ, ૧૧૬ બી મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબના અગાઉ આપેલ અપીલ સમય સુધીના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે પોલીસે કબજે કરેલ મુદામાલ વિદેશી દારૂ / વ્હીસ્કી નો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નાશ કરવો.

હુકમ આજ રોજ તારીખ ૨૦, માહે – નવેમ્બર, સને – ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. : પોરબંદર
તારીખ : ૨૦/૧૧/૨૦૨૩

(રાકેશ મગનલાલ ભાટીયા)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પોરબંદર
(કોડ નં. જી.જે.૦૧૭૦૮)

વી.જે.વ્યાસ,
ગુજ.સ્ટેનો.